# પાનખર જેવો છે પીળો તાવ અંગેઅંગમાં, ક્યાંકથી લાવી કળી કે ફૂલ સુંઘાડો મને!

**સ્પંદન**

**નિરંજન યાજ્ઞિક**

અરજણભાઈ પટેલનું નામ પડાણામાં બહુ મોટું ગણાતું. એમની ખેતી તો 50 વિઘાની જ હતી પણ રાખરખાવટ હજાર વિઘા જમીનના ધણી હોય એવી હતી.

મોતીબહેન એમનાં પત્ની અને એમનો મોટો દીકરો કાનજી. એ બન્ને ખેતીમાં પરોવાએલાં રહે. નાનો દીકરો જેરામ ખેતીમાં બહુ માથું ના મારે. એને તો કૈંક નવું નવું શીખવાનો, જાણવાનો ભારે શોખ. એ ધંધુકાથી, લીંબડી કે સુરેન્દ્રનગરથી કશુંક શીખીને આવે ને ખેતરમાં એના પ્રયોગ કરે. આનું પરિણામ એ આવતું કે એ વરસે ખેતીની આવક ઘટી જતી! " જેરામ," એક દિવસ અરજણભાઈએ એને કહ્યું, "તારે ખેતી ન કરવી હોય તો એક કામ કર. આપણું દસ વિઘાનું કોળું ખેતર ધંધુકાની સીમમાં છે, એમાં તારે જે કરવું હોય એ કર્યા કર. તને કોઈ નહીં રોકે, બાકી બીજાં ખેતરોમાં તારે કંઈ કરવાનું નહીં." જેરામ તો ખુશ થઈ ગયો. જો કે ખુશીની લહેરની પાછળ 'શું કરવું'નો સમંદર ઘુઘવતો હતો!

"જેરામ," હમણાં જ સુરતથી આવેલા એના મિત્ર રમેશ સાથે જેરામ બેઠો હતો ને રમેશે કહ્યું, " જેરામ, તું હીરા ઉદ્યોગમાં આવ, તને ગમતું કામ મળશે અને પૈસા પણ સારા એવા મળશે.''

ગમતું કામ અને પૈસા - એ બે શબ્દો સાંભળીને જેરામ ખુશ થઈ ગયો. ''બોલ રમેશ," જેરામે કહ્યું, "હીરાઉદ્યોગ માટે શું કરવું?''

" પહેલા તો હીરાની ઘંટીઓ નાખીને હીરા ઘસવાનું કર, પછી તને જાતે જ આગળ શું કરવું એની સૂઝ પડતી જશે.''

" પણ તું મને શરૂ કઈ રીતે કરવું એ શીખવ,'' જેરામે કહ્યું, "પછી હું મારી રીતે લડી લઈશ.'' જેરામના મનમાં હવે નવા અંકુર ફૂટ્યા હતા. બીજા દિવસે એ અને રમેશ સુરત જવા ઉપડ્યા. સુરતમાં રમેશ જ્યાં કામ કરતો હતો એ હીરાના કારખાને એ જેરામને લઈ ગયો. પોતે હીરા ઘસવાનું ચાલુ કર્યું અને જેરામને નજર રાખવાનું કહ્યું. જેરામની બુધ્ધિ તો સતેજ હતી જ, એણે 10 મિનિટમાં જ હીરા કઈ રીતે ઘસાય છે એનો ઉપલક અંદાજ બાંધી લીધો. ''તેં જોયું ને," રમેશે કહ્યું, "આ રીતે હીરા ઘસાય. એ હીરો ઘસીને મેનેજરને આપવાનો. એ બીજા રફ હીરા આપે. પછી મહિને હિસાબ થાય. સારા એવા પૈસા મળે. તું પણ થોડા દિવસ અહીં રહીને હીરા ઘસવાનું શીખી જા ને પછી પડાણા જઈને ત્યાં કામ શરૂ કર. તારી જ ઘંટીઓ વસાવી લેજે.''

લગભગ 20 દિવસ જેરામ રમેશ સાથે સુરતમાં રહ્યો. હીરા ઘસતા શીખી ગયો. પહેલનું કામ, લેથનું કામ બધું જ એને આવડી ગયું. મહિના પછી રમેશ એને બજારમાં લઈ ગયો. ચાર ઘંટી ને હીરા ઘસવાનાં બધાં જ સાધનો, મોટરો એ બધું લઈને એ રમેશને લઈને સુરતથી ટેક્ષી કરીને પડાણા પાછો આવ્યો.

પડાણા આવીને રમેશની મદદથી એણે પોતાના 10 વિઘાના કોબા ખેતરમાં જ એક ઓરડી હતી એમાં ઘંટીઓ ગોઠવી. ઈન્ડસ્ટ્રીઅલ લાઈટનું કનેક્શન લીધું ને લાઈટનું કનેક્શન મોટરોને આપ્યું. લગભગ સાંજ સુધી રમેશે મહેનત કરી અને સાંજે તો ચારે ઘંટીઓ તૈયાર થઈ ગઈ! જેરામ આ બધું જોતો હતો. રમેશને મદદ માટે હાથ પણ લંબાવતો હતો.

બીજા દિવસે રમેશ ગામના ત્રણ યુવાનોને હીરા ઘસવા માટે લઈ આવ્યો. થોડા દિવસ ત્રણેને શીખવ્યું. રફ તો રમેશ સુરતથી લેતો જ આવ્યો હતો એટલે હીરા તૈયાર થયા પછી જેરામને લઈને એ સુરત ગયો. સુરત ઘસેલા હીરા આપીને રમેશે બીજી રફ લઈ લીધી. એ દરમ્યાન જેરામે જોયું કે, આ તો માત્ર મજૂરીનું કામ મળે છે. જેરામને હવે પોતાનું કામ કરવાની ઈચ્છા હતી. એ હીરામાર્કેટમાં રમેશને લઈને ગયો. ત્યાંથી એણે એકાદ લાખ રૂપિયાની રફની ખરીદી કરી.એ સાંજના જેરામ અને રમેશ સુરતથી પાછા પડાણા આવી ગયા. " રમેશ," જેરામે કહ્યું, "આપણે કારખાનેથી જે રફ લાવ્યા છીએ, એ તું ઘસાવી લે, ને એમાં તને જે કમિશન મળે એ તારું. પછી હું જે રફ ખરીદીને લાવ્યો છું, એ પોલિશ કરાવીએ.'' ''ભલે,'' રમેશે કહ્યું, "મારી રફ તો ચાર-પાંચ દિવસમાં ઘસાઈ જશે.''

પાંચ દિવસ પછી જેરામે પોતે ખરીદેલી રફ પોલિશ માટે પેલા ત્રણેને આપી. થોડા દિવસમાં એ પણ તૈયાર થઈ ગઈ, એ પછી રમેશને લઈને જેરામ સુરત ગયો. રમેશે રફ લીધી હતી એ કારખાને પોલિશ હીરા આપ્યા. પૈસાની લેવડદેવડ પૂરી થઈ પણ બીજી રફ લેવાની જેરામે એને ના પાડી.

ત્યાંથી હીરાબજારમાં જઈને જેરામે જે રફ ખરીદેલી, એને પોલિશ હીરા આપ્યા. એમાં એને બહુ સારા પૈસા મળ્યા.


''રમેશ," જેરામે કહ્યું, " તું હવે સુરત હીરા ઘસવા ન આવતો, આપણે ત્યાં પડાણામાં જ હીરા ઘસજે અને બધાનું ધ્યાન રાખજે."

સુરતથી પાછા આવીને જેરામે ખેતરમાં બીજી મોટી ઓરડી બનાવડાવી દીધી. બન્ને ઓરડીઓમાં એ.સી. પણ ફીટ કરાવી દીધા. બીજી છ હીરાની ઘંટીઓ અને સામાન લાવીને થોડા જ સમયમાં એણે અને રમેશે મળીને બીજી ઓરડીમાં પણ ગામના છ યુવાનોને બોલાવીને હીરા ઘસવાનું કામ ચાલુ કરી દીધું.

સમય પસાર થતો ગયો. જેરામનાં બન્ને કારખાનાઓમાં હીરાનું પ્રોડક્શન ધમધોકાર ચાલતું રહ્યું.

હવે જેરામે ત્રીજી રૂમ પણ બનાવડાવી ને એમાં પણ છ હીરાની ઘંટીઓ ફીટ કરાવી દીધી. હવે એની પાસે 16 ઘંટીઓ હતી. ગામના યુવાનો પણ ઘેરબેઠાં કામ મળવાથી ખુશ હતા.

રમેશને પણ પૈસા મળતા હતા એટલે એ પણ ખુશ હતો ને જેરામ હજી વધારે પૈસા મેળવવાની મથામણમાં હતો.



બે-ત્રણ વરસમાં તો જેરામ લખપતિ થઈ ગયો. એની તિજોરીમાં લાખો રૂપિયા ભેગા થઈ ગયા. હવે એણે સુરતમાં ધંધો જમાવવાનો વિચાર કર્યો. રમેશને લઈને એ સુરત ગયો.

''તને ખબર છે રમેશ," જેરામે પૂછ્યું, "આપણે સુરત શા માટે આવ્યા છીએ ?''

"એ તો તું કહે ત્યારે ખબર પડે ને?'' રમેશે વળતો જવાબ આપ્યો, "કહે, શા માટે આવ્યા છીએ?''

''એક મોટી ઓફિસ ખરીદવી છે અહીં,'' જેરામ બોલ્યો, "પછી રફનો ને પોલિશ હીરાનો વેપાર કરવો છે. હવે હીરા ઘસવા ને ઘસાવવાની લપ છોડી દેવી છે. તું રહીશને મારી સાથે?''

''હું તો રામભક્ત હનુમાનની જેમ તારી સાથે જ રહીશ," રમેશે કહ્યું, "કઈ બાજુ ઓફિસ લેવી છે?''

"વરાછામાં કોઈ નવી બીલ્ડિંગ બનતી હોય,'' જેરામે કહ્યું, "તો એમાં લઈ લઈએ ને આપણો સ્વતંત્ર ધંધો શરૂ કરીએ.'' બન્ને વરાછા આવ્યા. તપાસ કરતાં એક જગ્યાએ એમને એક તૈયાર થયેલી નવી બીલ્ડિંગ જોવા મળી. એમાં મોટી ઓફિસ બને એવું હતું એટલે જેરામે તરત જ પાંચ લાખ રૂપિયા બાનું આપ્યું. પછીથી બાનાખત કરાવીને બેન્કની લોન લેવાનું નક્કી કરી નાખ્યું.

એક મહિનામાં તો બાનાખત, બેન્કની લોન અને દસ્તાવેજનું કામ પતી ગયું ને બીજા મહિને ફર્નિચરનું કામ પણ પૂરું થયું. ત્રીજા મહિને જેરામ અને રમેશ નવી ઓફિસમાં આવી ગયા. જેરામની ખુરશીની બાજુમાં જ રમેશની ખુરશી રખાઈ. "હવે, ધંધો શાનો કરીશું?'' રમેશે પૂછ્યું.

" હીરાની રફનો," જેરામ બોલ્યો, "હવે આપણે બેલ્જિયમથી રફ લાવીશું ને અમેરિકા ને બીજા દેશોમાં એ રફના પોલિશ કરાવેલા હીરા સપ્લાય કરીશું.''

"ભલે,'' રમેશ બોલ્યો, "હું હવે શું કરું?''

"હવે તારી જવાબદારી આપણી પડાણાની ફેક્ટરીઓ સંભાળવાની છે," જેરામ બોલ્યો, "તું એ વ્યવસ્થિત રીતે ચલાવ, હું તને એના નફામાંથી ભાગ આપીશ. રફ મારી પાસેથી લઈ જજે, ને પોલિશ પણ મને જ આપજે.'' એ સાંજે જ રમેશ પડાણા જવા નીકળી ગયો ને જેરામ હવે શું કરવું એના વિચારમાં પડ્યો. પાસપોર્ટ તો એણે ક્યારનો કઢાવ્યો હતો, હવે એણે બેલ્જીયમના વિઝા મેળવ્યા ને ઊપડી ગયો બેલ્જીયમ. ત્યાંથી એણે સારી એવી રફ ખરીદી અને બેલ્જીયમમાં રખડ્યો.

**જેરામે એનો મોબાઈલ નંબર લઈ લીધો હતો. એક સાંજે એના કુરિયર વિદેશ મોકલવા માટે તૈયાર થતા હતા ત્યાં જ એ યુવતી એની ઓફિસનાં બારણે આવી ! જેરામને તો બગાસું ખાતાં પતાસું મોંમાં આવી ગયું! ''મે આઈ કમ ઈન સર ?'' યુવતીએ જેરામ તરફ મારકણું સ્મિત કરીને કહ્યું**

જો કે બેલ્જીયમમાં રખડતાં એણે જોયું કે, અહીંના લોકો ડ્રગ્ઝનું સેવન વધારે પ્રમાણમાં કરે છે. એ બારીકાઈથી બધું જોતો ગયો ને છેવટે રફ લઈને સુરત પાછો આવ્યો.

રમેશને એણે રફ લઈ જવા કહ્યું ને બાકીની રફ એણે સુરતમાં સારો નફો લઈને વેચી દીધી.

એણે હવે પોલિશ્ડ હીરા પણ સુરતની માર્કેટમાંથી ખરીદવાનું શરૂ કર્યું. પોતાના કારખાનાના પોલિશ્ડ હીરા, અહીંથી ખરીદેલા હીરા એ બધા લઈને એ ઉપડ્યો અમેરિકા! અમેરિકામાં પોલિશ્ડ હીરામાં એને જબરદસ્ત નફો મળ્યો. એણે જોયું કે, બેલ્જીયમ કરતાં પણ અહીં ડ્રગ્ઝનાં બંધાણીઓ વધારે છે. અમેરિકામાં મિશીગન પાસે ને વોશિંગ્ટન પાસે ડાયમન્ડની મોટી માર્કેટ હતી, એ બધી જ જેરામે જોઈ લીધી. થોડા પોલિશ્ડ હીરા ખરીદનારાઓ જોડે એને અંગત સંબંધો બંધાયા.

અમેરિકાથી પરત આવ્યા પછી એ થોડા દિવસ માટે પંજાબ પણ જઈ આવ્યો. ત્યાંથી પરત આવ્યા પછી ટુરીસ્ટ વિઝા પર એ અફઘાનિસ્તાન પણ જઈ આવ્યો. ધીમે ધીમે એણે પરદેશ જવાનું ઓછું કર્યું, એના બદલે હવે એ કુરિયરથી જ માલ મોકલતો ને મંગાવતો થયો. બે વરસમાં તો અનેક કુરિયરની આવ-જા એની ઓફિસમાં થઈ એટલે એણે એક સેક્રેટરી પણ રાખવી પડી.

હવે એની પાસે કરોડો રૂપિયા હતા ને હજી પૈસા વધ્યે જ જતા હતા. એ પછી એનું ધ્યાન પોતાની જ્ઞાતિ તરફ ગયું. એણે પોતાની જ્ઞાતિના છોકરાઓ માટે ને છોકરીઓ માટે બે હોસ્ટેલ બનાવડાવી, ને જ્ઞાતિમાં એનો જયજયકાર થઈ ગયો. પોતાની જ્ઞાતિના અનેક મંદિરોમાં એણે લાખો રૂપિયાના દાન આપ્યા, અનેકોને નોકરીએ રાખ્યા. જ્ઞાતિની ગરીબ છોકરીઓને પરણાવવા માટે એનાં મા-બાપને પણ પૈસા આપ્યા. હવે એને એક નવો વિચાર આવ્યો - ઘણી યુવતીઓ સશક્ત છે, રિક્ષા ચલાવી શકે એમ છે, પણ કૈંક અંશે સંકોચ અને કૈંક અંશે રિક્ષા લેવા માટેના પૈસાનો અભાવ - આ બે બાબતોના લીધે એ રિક્ષા લઈ શકતી નથી. ચાર વરસ પસાર થઈ ગયાં ને પાંચમા વરસે એણે આ વિચાર અમલમાં મૂક્યો. એણે અખબારમાં જાહેરાત આપીને ઈ-રિક્ષા ખરીદવા ઈચ્છતી બહેનોની અરજીઓ મંગાવી. 22 અરજીઓ આવી. જેરામે 22 ઈ-રિક્ષાઓ ખરીદી લીધી ને એક સમારંભ રાખીને એ 22 કન્યાઓને ઈ-રીક્ષા અર્પણ કરી! બધાં અખબારોમાં એના આ સત્કાર્યની નોંધ લેવાઈ. એના ફોટા સાથે એના અગાઉના છાત્રયલની ને યુવાનોને નોકરી અપાવે છે એ બધી વાતોનો મસાલો તૈયાર કરીને બધાં અખબારોએ છાપ્યો. બાવીસમી ઈ-રિક્ષા લેવા આવી હતી એ યુવતી એકદમ તંદુરસ્ત ને સોહામણી હતી. જેરામે એનો મોબાઈલ નંબર લઈ લીધો હતો. એક સાંજે એના કુરિયર વિદેશ મોકલવા માટે તૈયાર થતા હતા ત્યાં જ એ યુવતી એની ઓફિસનાં બારણે આવી ! જેરામને તો બગાસું ખાતાં પતાસું મોંમાં આવી ગયું! ''મે આઈ કમ ઈન સર ?'' એણે બહુ નમ્રતાથી જેરામ સામે જોઈને પૂછ્યું. " શ્યોર," જેરામ બોલ્યો, "એમાં પૂછવાનું હોય? આવ, બેસ આ બાજુની ખુરશી પર.'' યુવતી પરસેવાથી તરબતર હતી. એના ડ્રેસનો આગળનો ભાગ પણ પરસેવાથી ભીનો થઈ ગયો હતો એના તરફ જેરામનું ધ્યાન ગયું. ''બોલ,'' જેરામે કહ્યું, "રિક્ષા બરાબર નથી ચાલતી?'' "અરે, રિક્ષા તો બહુ સરસ ચાલે છે,'' યુવતી બોલી, "પણ, હમણાં મારે પૈસાની થોડી જરૂર છે એટલે તમારી પાસે આવી છું. તમે સમાજસેવક છો એટલે તમને કહેવાય." ''કેટલા પૈસા જોઈએ છે?'' જેરામે ફરી એની પરસેવાથી ભીની છાતી તરફ નજર નાખતા પૂછ્યું. 'મારે 20 હજાર રૂપિયા જોઈએ છે સર,'' યુવતીએ જેરામ તરફ મારકણું સ્મિત કરીને કહ્યું, " મને આપશો ને?'' 'એમાં પૂછવાનું હોય ?'' જેરામ હવે એની તરફ જ જોયા કરતો હતો, " તારે જરૂર હોય અને હું ના પાડું એવું કદી ના બને. પણ, મારું માથું દુખે છે એટલે હું થોડી વાર અંદર આરામ કરું છું, પછી તને પૈસા આપીશ.'' આટલું કહીને જેરામ અંદર એના રૂમમાં જવા ફર્યો કે પેલી યુવતી એની પાસે આવી.

"સર,'' એ બોલી, "હું તમારું માથું દબાવી આપું ?''

''તો તો ઘણું સારું,'' જેરામે કહ્યું, "ચાલ, અંદરના રૂમમાં."

બન્ને અંદર ગયાં. જેરામ પલંગમાં આડો પડ્યો ને પેલી યુવતીએ એનું માથું દબાવવાની શરૂઆત કરી. એના ભીના દેહની સુગંધ જેરામને મદહોશ કરતી હતી.

''અચાનક પેલી યુવતીનો મોબાઈલ રણક્યો. એણે મોબાઈલમાં ફક્ત "યસ" એટલું જ કહ્યું ને એ ફટાફટ બહાર નીકળી ગઈ.

એની પાછળ પાછળ જેરામ બહાર નીકળ્યો ને બહાર નીકળીને એણે ઓફિસનું જે દ્રશ્ય જોયું એનાથી તો એ બેભાન જેવો થઈ ગયો! સાત-આઠ પોલીસવાળા એણે જે પાર્સલ કુરિયર કરવાના હતા વિદેશમાં, એ પાર્સલો તોડતા હતા! એક-બે પોલીસવાળા એનાં કબાટ તોડતાં હતાં! "આ શું કરો છો તમે?'' જેરામ ગુસ્સાથી લાલચોળ થઈ ગયો. ''શાંત રહો સમાજસેવક," પેલી યુવતી બોલી, "તમારી સેવાની વાત હવે બધે ફેલાઈ ગઈ છે ને કાલે તો આખા ભારતમાં ફેલાશે.'' "શું કહે છે તું ?" જેરામ ખિજાયો.

''તું નહીં,'' પેલી યુવતી બોલી, "તમે કહો મિ. જેરામ, હું CBIની ઓફિસર નેહા વર્મા છું, બે મહિનાથી તમારી પાછળ જ છું. તમે અફઘાનિસ્તાન ને પંજાબથી ડ્રગ્ઝ મંગાવીને પોલિશ્ડ ડાયમન્ડના બહાને અમેરિકા ને બેલ્જીયમ ને બીજા દેશોમાં કુરિયર કરીને મોકલો છો એ વાત અમારા ધ્યાનમાં આવી ને હું એની તપાસ માટે અહીં આવી. અહીંના સ્થાનિક પોલીસની મદદથી અત્યારે તમારા કુરિયર ખોલ્યા, એમાંથી પણ ડ્રગ્ઝ નીકળ્યું! હવે કબાટમાં જોવાનું પતે પછી ચાલો, આપણે દિલ્હી જવાનું છે, કેમ કે આ મામલો અમે CBIવાળા સંભાળીએ છીએ! જેરામ સ્તબ્ધ બની ગયો, એનું માથું તો દુખતું જ હતું પણ હવે તો જાણે એની રગેરગમાં તાવ ભરાઈ ગયો હોય એમ એનું શરીર ગરમ થઈ ગયું! એક પોલીસવાળાએ એના હાથમાં હાથકડી પહેરાવી દીધી!

(શીર્ષકપંક્તિઃ બાબુલાલ ચાવડા )